# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 26-04-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : શુક્રવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

- ગુજરાતમાં સાતમી મે ના રોજ યોજાનાર લોકસભાની 25 બેઠકોની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીપ્રચાર વેગવાન બન્યો.
- લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં યોજાયેલ 12 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે સાંજના પાંચ વાગ્યા સુધીમાં 53 થી 76 ટકા મતદાન થયું.
- સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - EVM અને VVPATના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી.
- ગુજરાતના ત્રાસવાદ વિરોધીદળે નારોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે શસ્ત્રોની હેરફેર કરવાના આરોપસર બે વ્યક્તિની ધરપકડ કરી.
- રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને નવીન ફલોરિન ઇન્ટરનેશનલ લિમિટેડ વચ્ચે સુરક્ષા, સંશોધન, વિકાસ અને તાલીમ માટે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર થયા.
- રાજયના દક્ષિણ અને મધ્યગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ ગરમીના પ્રકોપ વચ્ચે આજે સવારે વરસાદ થયાના અહેવાલ છે.

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Lok Sabha Elections - Congress Party

ગુજરાતમાં  લોકસભા ચુટંણી સંદર્ભે કોંગ્રેસ પક્ષના નેતાઓએ આજથી ગુજરાતમાં લોકસભા ચુટંણી સંદર્ભે પક્ષના પ્રચારનો આરંભ કર્યો છે.

છોટાઉદેપુર ખાતે ઇન્ડિયા ગઠબંધનમાંથી કોંગ્રેસના ઉમેદવાર સુખરામ રાઠવાના સમર્થનમાં જાહેરસભા યોજાઇ ગઇ. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા.

આ ઉપરાંત પાવીજેતપુર ખાતે કોંગ્રેસપક્ષના પ્રચાર અર્થે જાહેરસભા યોજાઇ હતી.

ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારી અને વરિષ્ઠ રાજ્યસભા સભ્ય મુકુલ વાસનીકનો પણ બેદિવસીય ગુજરાતના પ્રવાસે આવશે .

આવતીકાલે  કોગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વલસાડના ધરમપુર ખાતે જાહેરસભા સંબોધશે , જ્યારે ૨૮ એપ્રીલે  વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ અભિષેક મનુ સિંઘવી અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજશે . ૨૯ એપ્રીલએ કોંગ્રેસ પક્ષનાં પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી પાટણ ખાતે ચુંટણી સભાને સંબોધન કરશે.

કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા અલકા લાંબાજી ગુજરાતમાં પ્રચાર કરી મતદાન  માટે  લોકોને અપીલ કરશે. દરમિયાન કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ, અશોક ગહેલોત અને તેલંગાણાનાં યુવા મુખ્યમંત્રી રેવંતા રેડીની પણ  ગુજરાતમાં જાહેર સભા યોજી કોંગ્રેસ પક્ષનો  પ્રચાર  કરશે

## Election campaign AMIT SHAH-1

ગુજરાતમાં સાતમી મે ના રોજ યોજાનાર લોકસભાની 25 બેઠકોની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીપ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ પક્ષોના સ્ટારપ્રચારકોનું રાજયમાં આગમન શરૂ થયું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવશે.. તેઓ ગુજરાતની ચાર લોકસભા બેઠકો ઉપર વિજય સંકલ્પ સભા કરશે.. શ્રી અમિત શાહ પોરબંદરના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાના પ્રચાર માટે જામકંડોરણા ખાતે સવારે દસ વાગે જાહેરસભા સંબોધશે. ત્યારબાદ ભરૂચમાં મનસુખ વસાવાના સમર્થનમાં અંકલેશ્વરના ખડોલી ખાતે બપોરે જનસભાને સંબોધન કરશે. ત્યાંથી અમિત શાહ પંચમહાલના ઉમેદવાર રાજપાલસિંહ યાદવના પ્રચાર માટે ગોધરામાં સાંજે વિજયસંકલ્પ સભા સંબોધશે જ્યારે

સાંજે છ વાગે વડોદરાના ઉમેદવાર હેમાંગ જોષીના પ્રચાર માટે રાવપુરાના રણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતેથી અકોટા સુધીનો રોડ શો કરશે.

કેન્દ્રિય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પક્ષના ચૂંટણીપ્રચારનો ઝંઝાવાતી પ્રારંભ કર્યો. આ પ્રસંગે તેમણે હાલની કેન્દ્ર સરકાર દ્વારા રેલવેમાં થયેલા વિકાસની તેમજ ભાવિભારતમાં રેલવેના વિકાસના રોડમેપની રૂપરેખા આવી હતી. દરમ્યાન, શ્રી અશ્વિનીએ પોરબંદરમાં યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે પોરબંદર લોકસભા ભાજપના ઉમેદવાર ડૉ.મનસુખ માંડવિયા, પોરંબદર વિધાનસભાના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા સહિત પોરબંદર જીલ્લાના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## KYC-Know Your Candidate

ચૂંટણી પંચ દ્વારા મતદારો પોતાના ઉમેદવારને જાણી શકે એ માટે Know Your Candidate(KYC) નામની મોબાઈલ એપ્લિકેશન ઉપલબ્ધ કરવામાં આવી છે. આ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોર અને એપલ IOS એપ સ્ટોર પર ઉપલબ્ધ છે.

આ એપ્લીકેશનની મદદથી કોઈપણ ઉમેદવારના ઉમેદવારીપત્ર સંબંધિત માહિતી, સોગંદનામાની વિગતો તથા ઉમેદવારની ભૂતકાળની માહિતી જાણી શકાશે.

## ELECTION

લોકસભાની આજે યોજાયેલી બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 88 બેઠકો માટે 53 થી 76 ટકા મતદાન થયું છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ સાંજના પાંચ વાગ્યા સુધીમાં મણિપુર અને ત્રિપુરામાં 76 ટકાથી વધુ, છત્તીસગઢ અને બંગાળમાં 72 ટકાથી વધુ, આસામમાં 71 ટકા, જમ્મુ અને કાશ્મીરમાં 67 ટકાથી વધુ, કેરળ અને કર્ણાટકમાં આશરે 64 ટકા, રાજસ્થાનમાં 60 ટકા, મધ્યપ્રદેશમાં 55 ટકા, જ્યારે બિહારમાં 53 ટકાથી વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.

દરમિયાન લોકસભાની આગામી 20મી મેના રોજ યોજાનારી પાંચમા તબક્કાની ચૂંટણીમાં 49 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ થયો છે. આગામી 3જી મે સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

પાંચમા તબક્કામાં ઉત્તરપ્રદેશની લોકસભાની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની 7, ઓડિશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની 3 તેમજ લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરની 1-1 બેઠક મળીને 49 બેઠકો માટે મતદાન થશે.

## SC – VVPAT

સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - EVM અને VVPAT મશીનના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી છે. જો કે સર્વોચ્ચ અદાલતે ઇવીએમના ડેટા અંગે બે મહત્વના નિર્દેશો પણ આપ્યા છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી બેન્ચે ગત 18મી એપ્રિલે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો. એ દિવસે અદાલતે આપેલા નિર્દેશ મુજબ ચૂંટણી પંચ દ્વારા આજે જરૂરી પ્રતિભાવ અપાયા બાદ સર્વોચ્ચ અદાલતે આ કેસનો ચુકાદો આજે આપ્યો છે.

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આજે આપેલા પહેલા મહત્વના નિર્દેશમાં ઇવીએમમાં ચૂંટણી ચિન્હો લોડ કર્યા બાદ આ યંત્રોને સીલ કરીને તેમને કન્ટેનરમાં સુરક્ષિત રાખવાના રહેશે. ઉમેદવાર અથવા પ્રતિનિધિઓએ આ સીલ ઉપર હસ્તાક્ષર કરવાના રહેશે. ત્યારબાદ આ કન્ટેનરોને ઇવીએમ સાથે સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવા પડશે. કન્ટેનરોના સીલ ઇવીએમની સાથે જ ખોલવાના રહેશે. આ ઉપરાંત ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઈવીએમ અને કન્ટેનરોને ઓછામાં ઓછા 45 દિવસ સુધી સુરક્ષિત રાખવા પડશે.

સર્વોચ્ચ અદાલતે બીજા મહત્વપૂર્ણ નિર્દેશમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં કુલ ઇવીએમ મશીનો પૈકી પાંચ ટકા ઇવીએમ મશીનના કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપીએટીની ઇવીએમ ઉત્પાદક એકમના ઇજનેરો દ્વારા ચકાસણી કરવાની રહેશે. જોકે આ માટે પરિણામ જાહેર થયા બાદ બીજા અને ત્રીજા ક્રમે રહેલા ઉમેદવારોએ પરિણામો જાહેર થયા બાદ સાત દિવસની અંદર અરજી કરવાની રહેશે.

અદાલતે વધુમાં જણાવ્યું છે કે આ સમગ્ર કામગીરીનો ખર્ચ જે-તે ઉમેદવારોએ ઉપાડવાનો રહેશે. પણ જો ઇવીએમ સાથે ચેડા થયેલા જણાય તો આ ખર્ચ અરજી કરનાર ઉમેદવારોને રીફંડ રૂપે પરત આપવો પડશે.

## Voting awareness

મતદાન જાગૃતિ માટે અમદાવાદ કલેક્ટર કચેરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ- અમદાવાદ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-અમદાવાદ શહેર, જિલ્લા શિક્ષણાધિકારી- અમદાવાદ ગ્રામ્ય તેમજ સ્કૂલ બોર્ડના સહયોગથી બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કરે બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું, આ બાઇક રેલી ગાંધીઆશ્રમ, જૂના વાડજ, આશ્રમ રોડથી પસાર થઇને ટાગોર હોલ ખાતે પૂર્ણ થઈ  હતી.

અમદાવાદ કલેક્ટર કચેરીથી ટાગોર હોલ સુધીના રૂટ પર મતદાન જાગૃતિના પોસ્ટર સાથે આયોજિત આ રેલીમાં  શાળાનાં ૫૦૦૦થી વધુ શિક્ષકો જોડાયા હતા. શહેરમાં બાઇક રેલી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ અપાયો હતો.

ભાવનગર જીલલામાં મહુવા તાલુકાની કુંભણ કેન્દ્ર વર્તુળ શાળામાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં આંગણવાડી કાર્યકર બહેનો, આશાવર્કર બહેનો, તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વડોદરા મેરેથોન સહયોગથી મતદાન જાગૃતિ માટે ૧૨ ફૂટની  બે વિશાળ કઠપૂતળી બનાવી મતદાન જાગૃતિના ગીતો સાથે આ બંને પપેટ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી મતદાન જાગૃતિ નો સંદેશો આપશે . આ બંને કઠપૂતળી નું આજે કલેકટર કચેરી ખાતેથી જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન થયું ,.આ ઉપરાંત એક પૈડાંવાળી સાયકલ ચલાવતા સાયકલિસ્ટ વિનિત જોશી પણ આ અભિયાનમાં સહભાગી થઈ સાયકલ મારફતે મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવશે.

છોટાઉદેપુર ખાતે નાગરિકોને અવશ્ય મતદાન કરવાનો સંદેશો પાઠવવા મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સાયકલ રેલી યોજાઈ

મહીસાગર જીલ્લામાં લુણાવાડા કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે વૃક્ષારોપણ થકી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો અને વૃક્ષારોપણ કરી પહેલી વખત મતદાન કરનાર યુવા મતદારો મતદાન કરવા સંકલ્પબદ્ધ બન્યા.

સાબર કાંઠા જીલ્લામાં પોશીના તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તાર કાળાખેતરા ગામ મુકામે મતદાન જાગૃતિ અંગે અભિયાન હાથ ધરાયું.,

આદિજાતિ ભાતીગળ સંસ્કૃતિ મુજબ ઘરે-ઘરે જઈ કુમકુમ તિલક આપી મતદાન માટે આહવાન કરવામાં આવ્યું પોશીના તાલુકાની  શિક્ષણ ટીમ દ્વારા અંતરિયાળ ગામોમાં આદિજાતિ ભાતીગળ સંસ્કૃતિ મુજબ ઘરે-ઘરે જઈ કુમકુમ તિલક આપી મતદાન માટે આહવાન કરવામાં આવ્યું.

નવસારી જિલ્લામાં સ્વિપ અંતર્ગત સુવાના ગુરુકુલ વિદ્યામંદિરમાં મતદાન જનજાગૃતિ અભિયાન યોજાઇ ગયું.

વલસાડ જીલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં આજે કલેકટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી. મતદાનના દિવસે કોઇપણ મતદારોને બુથ ઉપર અગવડતા ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવા સંબંધિત અધિકારીઓને સુચન કરાયું હતું.

દીવમાં ઘોઘલા ખાતે લોકસભા ચૂંટણીમાં મતદાન જાગૃતિ અંગે ક્વિજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## Gujarat ATS

ગુજરાતના ત્રાસવાદ વિરોધીદળ- એટીએસના અધિકારીઓએ અગાઉ મળેલી બાતમીના આધારે અમદાવાદના નારોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે શસ્ત્રોની હેરફેર કરવાના આરોપસર બે વ્યક્તિની ધરપકડ કરી છે. મધ્યપ્રદેશના રહેવાસી એવી બે વ્યક્તિઓ પાસેથી 25 પિસ્તોલ અને કારતૂસોનો જથ્થો પકડાયો છે.

એટીએસ દળના અધિકારીઓએ કરેલી પૂછપરછમાં આરોપીઓએ મધ્યપ્રદેશથી ગેરકાયદેસર રીતે શસ્ત્રો લાવીને અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર જીલ્લાઓમાં પણ અગાઉ શસ્ત્રો પહોંચાડ્યા હોવાની વિગત મળી હતી. એટીએસના જવાનોએ સંબંધિત જીલ્લાઓમાં દરોડાની કાર્યવાહી કરીને 20 પિસ્તોલ અને 70થી વધુ કારતૂસોના જથ્થા સાથે વધુ ચાર આરોપીઓની પણ ધરપકડ કરી છે.

## MOU WITH RRU & NFIL

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને નવીન ફલોરિન ઇન્ટરનેશનલ લિમિટેડ **NFIL** વચ્ચે ગાંધીનગરમાં સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ સમજૂતિ કરારથી રાષ્ટ્રીય સુરક્ષા ઇકોસિસ્ટમને સશક્ત બનાવવા માટે શૈક્ષણિક ઉદ્યોગ ઇન્ટરફેસને મજબૂત કરવાના સંયુક્ત પ્રયાસોને આગળ વધારવાની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સમજૂતિ કરારથી બંને સંસ્થાઓ સુરક્ષાના વિવિધ ક્ષેત્રોમાં સુવિધાઓ, સંસ્થાકીય પ્રણાલીઓ, સંશોધન, વિકાસ અને તાલીમ માટે એક સામાન્ય પ્લેટફોર્મ વિકસાવવામાં મદદ કરશે.

સમજૂતી કરાર સમારંભમાં **RRU** ના વાઇસચાન્સેલર ડૉ.બિમલ એન.પટેલ અને **NFIL** ના પ્રતિનિધિ અનીશ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા.

## weather

રાજયના દક્ષિણ અને મધ્યગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં કેટલાક સ્થળે ગરમીના પ્રકોપ વચ્ચે આજે સવારે વરસાદ થતા લોકોને ગરમીથી રાહત મળી છે. જો કે, કમોસમી વરસાદને કારણે પાકને નુકસાન થવાની દહેશતથી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

વલસાડમાં આજે સવારે છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. સુરત જીલ્લામાં પણ સવારે વરસાદ થયો હતો. સુરત જીલ્લાના ઓલપાડમાં પણ વરસાદ થયો હતો. દાહોદમાં પણ કેટલાક સ્થળોએ વરસાદ થયો હતો. તાપી જીલ્લામાં ભારે વરસાદ થવાના સમાચાર મળ્યા છે. તાપી જીલ્લાના કુકરમુંડા, નીઝર, સોનગઢ, વ્યારા, વાલોડ અને ડોલવણમાં પણ વરસાદ થયો હતો. ભાવનગરમાં પણ વરસાદ થયાના અહેવાલ છે. જેમાં ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા, મસ્તરામ મંદિર, નારી ચોકડી સહિતના વિસ્તારોમાં વરસાદ થયો હતો.

મહિસાગર જીલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જીલ્લાના જુદાજુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. છોટાઉદેપુર જીલ્લાના દેવહાટ, સનાડા, સહિતના વિસ્તારોમાં સવારથી વરસાદના ઝાપટાં પડ્યા હતા.

દરમ્યાન, ઉત્તરગુજરાતના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડીગ્રીથી વધુ જયારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહત્તમ તાપમાન ઘણી જગ્યાએ સામાન્યથી 1 થી 3 ડીગ્રી ઓછું નોંધાયું છે. સૌથી વધુ 41 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાયું છે. તેવી જ રીતે અમરેલી, ડીસા, વલ્લભવિદ્યાનગર અને વડોદરામાં 40, ભૂજ 49 અને મહુવા, કેશોદ અને સુરતમાં 38 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. આ જ સમયગાળામાં ઉત્તરગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી 1 થી 2 ડીગ્રી વધુ નોંધાયું છે.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમ્યાન રાજયના તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની શકયતા ઓછી છે.